સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

ચૂંટણીની બેઠકના ઊંચા ભાવ બોલાય છે,
ને ઓફર થાય છે લગ્નની, દિલ ખોલાય છે,
ભૂલાય છે નીતિ-નિયમને મૂલાય છે મૂલ્યો -
સ્વમાન સ્વત્વ રહ્યું નથી વ્યક્તિ તોલાય છે.

હાઈકુ

અનાથ બાળ
માતા પિતા વિનાનું
આ મોંઘવારી

રેલ્વે માગણી
બદલાઇ ગ્યા પાટા
ખડી અપેક્ષા

ચિંતન

દાનેન શ્લાઘ્યતાં યાન્તિ પશુ-પાષાણ-પાદયામ્ । દાનમ્ એવ ગુમ શ્લાઘ્યઃ કિમ અભ્યૈ ગુણ કોટિલઃ ॥

'પશુઓ, પથ્થરો અને વૃક્ષો પોતાના દાની સ્વભાવને કારણે જ પ્રશંસાપાત્ર અને પૂજ્ય થાય છે. 'દાન' એક જ વખાણવા લાયક ગુણ છે, તેના સિવાય બીજા કરોડો ગુણ હોય તો પણ તે અર્થ વગરના જ છે.'

પાલતુ પશુઓ, ગાય-ભેંસ-બકરી કે કૂતરાં ઘોડો જેવાં પ્રાણીઓ પોતાનું પાલન કરનાર માલિકને વફાદારીપૂર્વક નિષ્ઠાથી સેવા અને સહાય પોતાના પ્રાણના ભોગે પણ માલિકના પ્રાણનું રક્ષણ કરે છે. પશુઓ દાનવીર છે.

વૃક્ષો છાંયડા ઉપરાંત ફળ-ફુલ અન થડની છાલના અનેકવિધ ઉપયોગી કાગળ અને આયુર્વેદની દવાઓ વગેરેમાં ઉપયોગી છે. વૃક્ષો દાની છે.

પથ્થરથી મકાન -દિવાલ-ઇશ્વર-મંદિર બને છે પથ્થર પણ દાની છે.

આવાં નિર્જીવ તત્ત્વો પણ 'દાની' સ્વભાવને કારણે પ્રશંસાને પાત્ર બને છે. માણસ પણ જો દાનવીર હોય તો પછી બીજા કોઇ જ ગુણની આવશ્યકતા રહેતી નથી.

સુવિચાર

- શું વૃદ્ધાવસ્થા એટલે તાકી તાકી ને મરણને જોયા કરવાની અવસ્થા? **- તોલ્સ્તોય**
- સંતાનને માટે માતા જેમ નવો જન્મ લઇ જન્મે છે તેમ પિતાનો નવો જન્મ નથી થતો, બાળક પિતામાં વિકાસ પામે છે, તે પિતા સાથે તાદાત્મય સાધે છે. પોતાના પિતા જેવા થવું એ પ્રત્યેક બાળકનું સ્વપ્ન હોય છે **- ડો. મૃગેશ વૈષ્ણવ**
- આપણા અસ્તિત્વની આસપાસ એક પ્રાણવાયુ રૂપે 'મા' ફેલાયેલી હોય છે. રડવું હોય તો પિતાનો ખભો મળે પણ માતાનો તો ખોળો મળે.. જગતમાં બધું જ પસંદ કરી શકાય છે. માતાપિતા પસંદ કરી શકાતાં નથી **- એસ. ભટ્ટાચાર્ય**
- કુંટુંબની આબરૂ સાચવવા સંતાનો પર પ્રેમી પાત્રને ભૂલી જ્ઞાનિના પાત્ર સાથે લગ્ન કરી લેવા કરાતું દબાણ સંખ્યાબંધ કજોડા, દાંપત્ય કલહનું કારણ બને છે **- જનકલ્યાણ**
- મતભેદો કે વિવાદો વખતે મૌન રહેવું એ દલીલનો એક પ્રકાર જ છે **- હંસલ ભચેચ**
- તરવું એ તૃષ્ણા છે જે માણસને ઠરવા દેતી નથી, તૃષ્ણાનું ક્ષેત્ર અસીમ છે અને તૃષ્ણા સંયમ વિવેકભાનથી અનજાન છે **- જ્ઞાનસૂત્ર**
- તમને કોઇના સગા તો ઇશ્વર બનાવે છે, પરંતુ કોઇના વ્હાલા તો તમે પોતે જ બની શકો **- શાહબુદ્દીન રાઠોડ**

(સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

રામકૃષ્ણ પરમહંદ કેટલાક શિષ્યો સાથે નદી કાંઠે બેઠા હતા. માછીમારે માછલાં પકડવાની જાળ પાથરી હતી એમાં કેટલાંક માછલાં પકડાયાં હતા. ફસાયાં હતા. પરમહંદ એ માછલાંનુ ધ્યાનથી નિરીક્ષણ કરતાં.

શિષ્યોને પણ કહ્યું - તમે આ માછલાંઓનું નિરીક્ષણ કરો અને મને એ નિરીક્ષણ આપણને, માણસજાતને ક્યાં - કેવી રીતે લાગું પડે છે એ કહો!

શિષ્યો એ થોડીવાર નિરીક્ષણ કર્યું - પછી રામકૃષ્ણ દેવે પૂછ્યું તમે શું નોંધ્યું?

એક શિષ્ય કહે - એમાં કેટલીક તો મૃતપ્રાય કે બેભાન જેવી લાગે છે.

બીજો કહે - કેટલીક નિકળવાં ફાફાં મારે છે પણ જાળમાંથી નિકળી નથી શકતી.

ત્રીજો કહે - બે ત્રણ માછલી જાળનું છીડું શોધીને પણ આબાદ સરકી ગઇ!

રામકૃષ્ણ પરમહંસ કહે આ બધું આપણા જીવનને આ રીતે લાગું પડે - કેટલાક લોકો ભાનભૂલી સંસારી માયાના બંધન સ્વીકારી લે છે ને આરામથી પડ્યા રહે છે. કેટલાકને મુમુક્ષુ વૃત્તિ છે પણ બહાર નીકળવાં કેવળ ફાંફાં જ મારે છે. સાચો માર્ગ મળતો નથી. જ્યારે કોઇ સદ્‌ભાગી પ્રયત્ન પૂર્વક મંડ્યા રહે તેને મુક્તિનો મારગ મળી જાય છે.

Email - sureshchandrabhatt18@gmail.com

કયા સે કયા હો ગયા...!! લોહી લુહાણ સપ્લીમેન્ટરીનો અકળાવતો સારાંશ..!!

જે કહ્યું માને વિધાતાનું એ મુકદ્દર હું નહીં, આટલો વૈભવ છતાં ખારો સમંદર હું નહીં
મેં મુકદ્દરથી ઘણુંય મેળવ્યું સન્માન અહીં, જાય ખાલી હાથ તે પેલો સિકંદર હું નહીં

એપ્લોઇડ મિકેનીકસનું લેકચર લંચ બ્રેક રાખીને કૉલેજવાળાએ બધાં વિદ્યાર્થીઓની ગાળો ખાધી છે... પ્રોફેસરના બોરીંગ લેકચરમાં કોઇ પણ વિદ્યાર્થીને જાગૃત અવસ્થામાં બેસવું એટલે એન્જિનીયરીંગના બાપનેય શક્ય નથી... રમેશ-મહેશ જેવાં છોકરા તો કેન્ટીનનાં સેઝવાન રાઇસ ઠોકીને ત્યાં જ બગાસાં મારવા લાગે. અનુજ બંક મારવાના કારણે શોધવામાં વ્યસ્ત છે. આજ માનસી આવી નથી એટલે નમિત કેન્ટીનમાં જ પોતાની બેઠક જમાવશે. ચૈતાલી અને વૈષ્ણવી 'એ અમે જવાના નથી' એવું બરાડતાં 'અલમોસ્ટ' કલાસમાં પહોંચી ગયાં છે. શ્રીનિવાસ વૃષાલીની નોટ લઇ સટાસટ ઉતારાં કરવાં મંડ્યો છે. અને હું, મરજી ના હોવા છતાં બધી એનર્જી ભેગી કરી કલાસરૂમ બાજુ મારાં ડગલાં માંડી રહ્યો છું...

એટલામાં કોક અતિ ઉત્સાહથી બરાડ્યું, 'એ, સર આજે યુનિટ ટેસ્ટનાં માર્કસ આપવાનાં છે!' એનું વાક્ય પુરૂં થતાં સુધી ઓ અરધાં ટોળાની અસ્તવ્યસ્તતા થવાં માંગી. અને બાકીના 'પ્રશ્ન પાંચનો જવાબ તેં શો લખ્યો હતો?' એવી ચર્ચાઓ ચાલુ થઇ. નેહલ અને આનલ બબડ્તાં હતા. 'એ બધા, બંધ થાવ, થોડીવારમાં ખબર પડશે જ ને?' અને હું માત્ર ચાલતો હતો. એજ ઇફ જાણે બધું ટીવી પર ચાલે છે અને મારો આ બધાં સાથે કોઇ જ સંબંધ નથી!!

મને ખબર જ નથી મેં કયા જવાબ લખ્યાં છે. એટલે મેં કોઇ પ્રશ્નના જવાબ લખ્યાં છે? 'આઇ ડોન્ટ નો, નૉટ ડું આઇ કેર' અને આ કાંઇ મારો પહેલો પ્રસંગ નથી. આ પહેલાંની યુનિટ ટેસ્ટ અને ફર્સ્ટ સેમમાં મને સિંગલ ડિઝીટ માર્ક મળ્યા છે. અને મને એનું કાંઇ જ દુઃખ થયું નથી.

મને તો આ એન્જિનીયરીંગના શબ્દો જ કંઇક અઘરાં ને અટપતાં લાગે છે. ગ્રાફિક્સ, મશીન્સ, ડિઝાઇન, લેથ, મિકેનીઝમ આ બધાંની સુગ ચઢે છે. મારું એન્જિનીયરીંગ કેટલાં વર્ષે પુરૂં થશે, રાધર પુરૂં થશે કે નહીં? એનીય મને ખબર નથી. બેઝીકલી એન્જિનીયરીંગ એટલે શું એ જ મને ખબર નથી.

સલીમના પાનનાં ગલ્લે જઇ ફોર સ્કેવર સિગારેટનાં ધુમાડા કાઢી પાછાં ફરતાં મને આરામથી ૧૦ મિનિટ થઇ ગઇ. કલાસરૂમમાં મારા પગલાં પડ્યાં અને જે એન્ટિસિપેટ કરેલું એવું જ બન્યું. 'હીઝ હાયનેસ હેઝ અરાઇઝ, હાઉ ઓનર્ડ વી આર?' પ્રોફેસરનું વાક્ય અને એ સાથે જ કલાસમાં હસવાનાં અવાજો. આ તો માત્ર શરૂઆત હતી. પછી તો હું છેલ્લી પાટલીએ પહોંચું ત્યાં સુધી મારી છેલ્લી પરીક્ષા, એના પહેલાંની બધાંના સ્કોરકાર્ડ, હું કયારેય એન્જિનીયરીંગ પુરૂં કરી શકીશ નહીં, હું એમને કેટલીવાર કયાં કયાં સિગારેટ ફૂકતાં દેખાયો લેકચર બંક કરીને, મારા મા-બાપ મારી પાછળ પાણીની જેમ પૈસા ખર્ચે છે અને મને એમની જરાય પડી નથી વગેરે વગેરે ફરી ફરીને ઓકી નાંખ્યું...

મેં નહોતું કીધું ને મારા બાપાને લાખો રૂપિયાનો ધુમાડો કરી મને એન્જિનીયરીંગમાં મોકલો? પરિસ્થિતિ નહોતી એટલે ભિખારીની જેમ કોમર્સ કરવું પડ્યું અને નોટો ગણતાં બેંકમાં કેશિયર તરીકે ચોંટવું પડ્યું. નહીં તો થયો હોત ડૉકટર - એન્જિનીયર. એડમિશનની લાંબી લાઇનમાં વરસતા વરસાદમાં ઊભો હતો અને મારાં પૂજ્ય પિતાજીએ આ વાત પચાસ વાર મને સંભળાવી હશે. એમની લાંબી કરમ કઠણાઇ સાંભળીને માથું મરી જાય છે. એન્જિનીયર અથવા ડૉકટર પત્યું! એની ફોજ જ નિર્માણ કરે છે કૉલેજો. અને આ પ્રોફેસર જેવા ચિપકુઓ આ કારખાનાનાં માલિક બની બેસે છે અને અમારાંય માલિક!!

ઘડામ દઇને મારી નોટબુક ડેસ્ટ પર પછાડી અને એક તુચ્છ નજર મારી સામે ફેરવી અને ફરી પાછા બોર્ડ પર મને કંઇ ના સમજાય એવું લખવાં લાગ્યા. મેં આખ્ખા કલાસમાં એક નજર ફેરવી. પહેલી બેન્ચ પર શ્રીનિવાસ, વૃષાલી અને પ્રોફેસરનો કાંઇક બૌદ્ધિક સંવાદ શરૂ હતો. વચ્ચેની બેંચ પર વોટ્સએપ, ફેસબુક અને કેન્ડી ક્રેશમાં બધાં વ્યસ્ત હતા. અન્યા, તેજસ અને અનૂજ છેક છેલ્લે મારી લાઇનમાં જ બેઠાં હતા અને જાગતાં રહેવાનો નિષ્ફળ પ્રયત્ન કરતાં હતા...

આ બધાં કેમ અહીંયા છે? હું કેમ અહીંયા છું? આ ગાડરીયા પ્રવાહનું એક ઘેટું છે? મારાં શરીરે પણ ઊન ઉગશે તો કેટલું સરસ લાગશે ને? એટલે ગર્મીમાં માત્ર બફાઇ મરીશ. ભરેલાં કલાસમાં અચાનક મેં મેં કરતો દોડ લગાવું તો પ્રોફેસરનું મોંઢું જોવા જોવું થઇ જશે ને? પણ હું આવું બધું કાંઇ જ ન કરતાં, સુનમુન બારીની બહાર જોઇને બેસી રહ્યો છું. બહાર વાદળ ઘેરાઇ આવ્યા છે, પવન સુસવાટાં માર છે...

મને યાદ આવે છે મારા ૧૨માં ધોરણનાં રિઝલ્ટનો દિવસ. કિટલી પર અન્યા, તેજસ અને અન્ય મિત્રોનું ટોળું ખીલખીલાટ હસી રહ્યું છે. મોટાભાગના બધાંનાં ૮૫ ટકાથી વધુ માર્ક્સ આવ્યાં છે. પીસીએમ ગ્રુપમાં આટલાં ટકા અને જેઇઇનાં ૧૫૦ થી વધુ વાળાં બદાં છે. મારી ૬૭ ટકાની માર્કશીટની ભૂંગળી બનાવી હું એમાંથી એક આંખ બંધ કરી બધાંની સામે જોઉં છું. મિકેનીકલ, કોમ્પ્યુટર, ઇલેકટ્રીકલ, ઇસી અને કાંઇ નહીં તો છેલ્લે સિવિલ, તું સું કરીશ? બધાંની નજર મારી સામે ટકેલી, હું ગળા નીચે છૂંક ઉતારી બધાની નજર ચૂકવી, માર્ગશીટને જોરથી પકડીને મહામુશ્કેલીથી બોલું છું... આટ્ર્સ...

બધાં ખડખડાટ હસી પડે છે, હું પણ ઉતરેલાં ચહેરા સાથે હસવાનો પ્રયત્ન કરું છું. એ પછીનો મારો ઘરનો સિન મારા નજર સામે ચોખ્ખો દેખાવા લાગે છે. કચકચાવીને પડતો ફિલ્મી વરસાદ, ભિખારી બનવું હોય તો હમણાં જ નીકળી પડ. પછી કરજે આટ્ર્સ, નાગા થઇને જેમ નાચવું હોય એમ નાચજે... અને પછી જોષીનો અનીલ, પટેલનો પાર્થ ઐય્યરની અશ્વીની બધાંનાં દાખલાં આપવાના ચાલુ. અરે પેલી સંગીતાને ગમતું હશે શરીરની ચિરફાડ વાળો મેડિકલનો અભ્યાસ, પણ એ મારી જેમ કવિતા - વાર્તા લખી શકે છે? આ બધાં કોણ છે? મારી સાથે, મારા શોખ સાથે આમને કેમ સરખાવો છો? મારૂં મન નથી માનતું આ યાંત્રિક અભ્યાસમાં, પણ આ બધું મમ્મી-પપ્પાને સમજાવીએ તો 'સામું બોલે છે' નું શસ્ત્ર ઉગામશે એટલે અદબ - પલાઠીને મોં પર આંગળી...

'થ્રી ઇડિયટ'ના ફરફાન સાથે પોતાને રિલેટ કરીને મન મનાવવા સિવાય બીજ શું કરી શકીએ? ઘણીવાર સુધી જીભનો પટ્ટો ચલાવ્યા બાદ પગ પછાડતાં બંને જતાં રહ્યાં. આડોશી પાડોશી પણ અમારો આ તમાશો પતિ ગયેલો સમજતાં ખીડકી - બાલ્કનીમાંથી ટીવીનાં તમાશો જોવા જતાં રહ્યાં. હું એમ જ ઉભો હતો વરસાદમાં. સ્કૂલ ઑપ ફાઇન આટ્ર્સનો પળગીને લુગદી બની ગયેલો એડમિશન ફોર્મને મુઠ્ઠીમાં પકડીને. હું ત્યાં જ ખતમ થઇ ગયો હતો...

આજે ફરી આ પ્રાધ્યાપકનો કલાસ, મને પચ્ચાસમાંથી ઝીરો માર્ક મળ્યા હતા. મારી સપ્લીમેન્ટરી લાલ પેનથી લોહીલુહાણ કરી મુકી હતી એ બેશર્મે... ટાલીયા અને વધી પડેલાં પેટ સાથેનાં એ પ્રોફેસર હું જોઇએ અકળાઇ રહ્યો હતો. ઘંટ વાગ્યો અને હું અચાનક ચમકી ઉઠ્યો. આજુબાજુ જોયું તો બધાં ફટાફટ એમની નોટો ચોપડીને બંધ કરતાં હતા. થેલાની એનો સટાસટ વખાતી હતી. 'તને કેટલાં માર્ક મળ્યાં? ની નિરર્થક ચર્ચાઓ ચાલુ હતી. બધું છોડી બહાર આવ્યો તો વરસાદ ચાલુ હતો. રિયલાઝેશનનાં કલાયમેક્સ જેવો. એક હાથમાં સળગેલી સિગરેટ અને બીજા હાથમાં પચાસમાંથી ઝિરો... પલળેટી સિગારેટની કિક વાગતી નથી અને એન્જિનીયરીંગ નામની ચિંગમ મને ચોંટી પડી છે. મેં પસંદ કરેલી કે મારા પર ઠોકી બેસાડેલી આ પરિસ્થિતિના કિચડ પર ચાલતો હું પરાજીત પટેલ ઘર તરફ વળું છું...'

ચૂંટલો :

માહિતીનું મહાપુર અને અનેક પર્યાય વચ્ચે પણ આજે મિશન એડમીશન વખતે જનરેશન ટક્કર થઇ જાય છે. 'ચોઇસ ફિલીંગ'ના ઑપશનમાં માબાપ અને સંતાનની કુંડળી મેચ થઇ તો 'દિલ મેં બજી ઘંટીયા' નહીં તો કરિઅરનો મૃત્યુઘંટ...

પ્રેમ એટલે માવજત, કાળજી અને કદર

અમેરિકાના જાણીતા તબીબ – સ્ત્રી રોગ નિષ્ણાત ડો. હોવાર્ડ એટવૂડ કૅલી (જન્મ તા. ૨૦ ફેબ્રુઆરી, ૧૮૫૮, નિધન તા. ૧૨ જાન્યુઆરી, ૧૯૪૩)નું તબીબી જગતમાં મોટું પ્રદાન છે. તેઓ ૮૪ વર્ષ જીવ્યા. મેડિકલ બ્રાન્યમાં તેઓએ જ ગાયનેકોલોજીને એક સ્વતંત્ર વિષય તરીકે પ્રસ્થાપિત કરી આપ્યો. બાલ્ટીમોર – મૅરીલેન્ડ (યુ.એસ.એ.)માં જહોન હોપકિન્સ્ હોસ્પિટલની સ્થાપના કરનાર ચાર તબીબોમાં એક ડો. હોવાર્ડ કૅલી પણ હતા. "?" "?"

૧૯ વર્ષની વયે સને ૧૮૭૭માં તેઓ બી.એ. થયા અને પછી પાંચ વર્ષનો મેડિકલ સ્ટડી કરીને સને ૧૮૮૨માં એમ.ડી. થયા. પૅન્સિલવૅનિયા યુનિવર્સિટીમાં તેઓ ઓબ્સ્ટેટ્રિક્સ્ વિષયના ઍસોસિઍટ પ્રોફેસર પણ રહ્યા અને ફિલાડૅલ્ફિયામાં કેન્સિંગ્ટન હોસ્પિટલ ફોર વિમેનની સ્થાપના પણ તેઓએ કરી. તેઓએ મહિલા દર્દીઓની તબીબી સારવાર માટે ઘણા બધા ઉપાયો અને ઉપકરણોની ખોજ કરી. તેમણે શોધ કરેલા ઘણા બધા મેડિકલ સર્જિકલ ડિવાઇસ પૈકી સિસ્ટોસ્કોપ પણ એક છે. કૅન્સરની સારવારમાં રેડિયમનો ઉપયોગ કરનાર તેઓ તબીબી વિશ્વના પ્રથમ તબીબ હતા.

પ્રેમ એટલે શું? પ્રેમ એટલે માવજત, કાળજી અને કદર. પ્રેમ હંમેશા એકમેકની માવજત કરે. પ્રેમ હંમેશા એકમેકની કાળજી લે અને એકમેકની કદર પણ કરે. પ્રેમ ક્યારેય કોઈની ઈર્ષા ન કરે. પ્રેમ ક્યારેય કોઈની અદેખાઈ પણ ન કરે. પ્રેમ ક્યારેય કોઈ ગણતરીઓ પણ ન કરે. હંમેશા આપવાનું કાર્ય કરે એ જ પ્રેમ.

પ્રેમ હંમેશા એકમેકની કાળજી લે અને એકમેકની કદર પણ કરે, પ્રેમ ક્યારેય કોઈની ઈર્ષા ન કરે, પ્રેમ ક્યારેય કોઈની અદેખાઈ પણ ન કરે

માગવાની વૃત્તિ રાખે એ પ્રેમ નહીં. બદલાની અપેક્ષા રાખે એ પણ પ્રેમ નથી. કોઈને મદદરુપ થયા પછી એને યાદ રાખવાનું ન હોય. પ્રેમ કદી પાછું વળીને જુએ નહીં. સદાય નજર આગળ જ હોય. ઉજ્જવળ ભવિષ્યની કામના એટલે પ્રેમ.

ડો. હોવાર્ડ કૅલીના જીવનનો એક સંવેદનસભર પ્રસંગ છે. તેઓ ગરીબ મા-બાપનું સંતાન હતા. બાળપણથી માંડ માંડ સ્કૂલની ફી ભરી શકતા. નાના હતા ત્યારથી જ તેઓ નાનું-મોટું કામ કરીને પોતાનો ભણવાનો ખર્ચ ઊઠાવતા. તેઓ સ્કૂલમાં ભણતા ત્યારની વાત છે. ઘેર-ઘેર – ડોર ટુ ડોર ફરીને તેઓ ડોમેસ્ટિક ચીજો વેચીને જે આવક થાય એમાંથી પોતાનો સ્કૂલ ફી વગેરે ખર્ચ કાઢતા.

એક દિવસની વાત છે. તેમનો કોઈ સામાન પણ વેચાયો નહોતો અને ભૂખ-તરસથી તેમની હાલત બગડી હતી. તેમણે નક્કી કર્યું કે હવે જે ઘરના દરવાજે સામાન વેચવા જશે ત્યાં જ પીવાનું પાણી અને થોડું ખાવાનું કોઈ શરમ કે સંકોચ રાખ્યા વિના માગી લેશે. એક ઘરનો દરવાજો ખટખટાવ્યો. એક છોકરીએ દરવાજો ખોલ્યો. છોકરીને જોઈને બાળકિશોર વયના હોવાર્ડ કશું બોલી શક્યા નહીં. ઈશારાથી પીવાનું પાણી માગ્યું.

આગંતુક છોકરાની હાલત જોઈને છોકરી સમજી ગઈ કે તે ખુબ થાકેલો અને ભૂખ્યો પણ છે. ઘરમાં જઈ એક મોટા ગ્લાસમાં દૂધ લઈ આવીને છોકરીએ તેને આપ્યું. છોકરાએ આખો ગ્લાસ દૂધ પી લીધું. ત્યાર બાદ વિવેક ખાતર પૂછ્યું કે "હું તમને કેટલા પૈસા આપું?"

છોકરીએ કહ્યું કે "પૈસા વળી શાના? મારી માએ મને એવું શીખવ્યું છે કે જ્યારે કોઈની મદદ કરીએ ત્યારે બદલામાં પૈસા લેવા જોઈએ નહીં. જો પૈસા લઈએ તો મદદ કર્યાનો હેતુ જ રહેતો નથી."

છોકરાએ જવાબમાં કહ્યું કે "તો પછી હું તમારો અને તમારી માનો ખરા હૃદયથી આભાર માનું છું. ધન્યવાદ." આમ કહીને છોકરો તો નીકળી ગયો. હવે તેનામાં વધુ કામ કરવા માટે નવું જોમ અને શક્તિ આવ્યાં હતાં. એ સાથે જ તેનામાં માણસ અને ઈશ્વર બેઉ ઉપરનો વિશ્વાસ અને ભરોસો પણ વધ્યાં હતાં.

નાનકડી આ વાતને તો વર્ષો વીતી ગયાં. પેલી છોકરી હવે મોટી થઈ ગઈ હતી. તે યુવતી એક દિવસ ગંભીર રીતે માંદી પડી. નાનકડા નગરના ડોક્ટરે તેને મોટા શહેરમાં ઈલાજ માટે લઈ જવા સલાહ આપી. યુવતીને મોટા શહેરમાં લઈ જવામાં આવી. એ હોસ્પિટલમાં વિમેન સ્પેશિયલિસ્ટ સર્જન તરીકે ડો. હોવાર્ડ કૅલીને કન્સલ્ટિંગ માટે બોલાવવામાં આવ્યા. તેઓ પેશન્ટ યુવતીને જોઈને તરત જ ઓળખી ગયા. તેઓએ યુવતીને બચાવી લેવા તમામ પ્રયાસો કર્યા. બીજા તબીબોના મતે તો કેસ નિષ્ફળ જાય એમ જ હતો. પરંતુ ડો. હોવાર્ડ કૅલી યુવતીને જીવતદાન આપવામાં સફળ રહ્યા.

જ્યારે હોસ્પિટલ-સ્ટાફે યુવતીનું મેડિકલ-બિલ બનાવ્યું કે તરત એ બિલ ડો. હોવાર્ડ કૅલીએ પોતાની પાસે મંગાવી લીધું. તેમને ખબર હતી કે સારવારખર્ચની આટલી જંગી રકમ જોઈને તો પેશન્ટ યુવતી વિના કારણે મરી જ જશે.

તેઓએ બિલની સૌથી ઉપરના ખુણામાં પૅન્સિલથી લખ્યું કે "એક ગ્લાસ દૂધ દ્વારા આ બિલ વર્ષો પહેલા ચુકવી દેવામાં આવ્યું છે. ફરી ચુકવણી કરવાની કોઈ જરુર નથી."

જ્યારે આ નોંધ લખેલું બિલ પેશન્ટ યુવતીને આપવામાં આવ્યું ત્યારે એ નોંધ વાંચીને યુવતીની આંખમાંથી આંસુ છલકાઈ આવ્યા. તે ખુશીની મારી રડી પડી.

ડો. હોવાર્ડ કૅલી તો યુવતી સમક્ષ હાજર નહોતા. પરંતુ ધન્યવાદ કહેવાનો વારો હવે એ પેશન્ટ યુવતીનો હતો. તેણે આંખો બંધ કરીને બે હાથ નમસ્તે મુદ્રામાં રાખીને ઈશ્વરને સંબોધીને કહ્યું કે "હે ઈશ્વર, તારો લાખ-લાખ આભાર. કયા સ્વરુપે તું આવીને મદદ કરી જાય છે, એની ખબર જ પડતી નથી."

તમે કોઈને પ્રેમ આપો છો તો સામેથી તમને પ્રેમ જ મળે છે. તમે કોઈને ધિક્કારશો તો એનો જવાબ એ રીતે જ મળવાનો છે. જ્યારે તમે કોઈનું સારું કરો છો, ત્યારે તમારું પણ સારું જ થાય છે. આ સકળ સૃષ્ટિનો ઉપક્રમ છે. સમગ્ર યુનિવર્સ્ આ વણલખેલી થિયરી ઉપર જ કાર્ય કરે છે. જ્યારે તમે કોઈને મુશ્કેલ સમયમાં મદદરુપ થાવ છો ત્યારે તમારા ખરાબ સમયમાં પણ કોઈને કોઈ સ્વરુપે ઈશ્વર તમારા સુધી મદદ અવશ્ય પહોંચાડે છે.

સ્ટોપર : "સમય સંબંધ સજાવે છે અને સંકટ યા કસોટી સંબંધનું મૂલ્ય સમજાવે છે."

– ડો. હોવાર્ડ કૅલી

છાનો-માનો પીલે, કડવી હોય તો કડવી અને ઝેર હોય તો ઝેર, આ કડવો ડોઝ પીવો જ પડશે હોંશિયારી કર્યા વગર દવા ગટગટાવી જા

કડવી દવાનો ડોઝ... વ્યંગ લેખ

- મહેન્દ્રભાઇ એસ. રાઠોડ

"મમ્મી! આ દવા બહું જ કડવી છે."

"બેટા! કડવી દવા પીવાથી ફાયદા થાય છે."

"ના... ના... મમ્મી મારે નથી પીવી."

"બેટા! હું તો તારો પપ્પા છું. હું તારું ખરાબ ઇચ્છું?" ભલો કડવી દવા હોય પણ પી જા'

"ના... પપ્પા મારે નથી પીવી..."

"ભઇલા! દવા તને કડવી લાગતી હશે પણ કડવી દવા લેવાથી ઘણા જ રોગો મટી જાય છે હું તો તારો ભાઇ છું. પીલે..."

"ના... ના... હું કોઇનું નથી માનવાનો નથી પીવી દવા."

"માય ડીયર લાલું! હું તો તારો જીજાજી છું... તારા શરીર માટે કડવી દવા પીવી યોગ્ય છે. લે કડવી દવા પી લે. હું તને બોટમાં બેસાડી ગંગા નદીની સફર કરાવીશ."

"ભાણાભાઇ લાલુભા... તને તો કોઇનું માનતાજ નથી. મામાનું તો માનો. કડવી દવા પીવી તે તો આપણા ધરમ થઇ ગયો છે. લ્યો, ભાણુભા દવા પી લ્યો."

"મામા! હું તો હવે કોઇનું માનવાનો નથી. દવા પી-પીને મારૂં શરીર ઝેર જેવું થઇ ગયું છે. મામા જેવા મામા મને ઝેર આપવા લાગ્યા? પ્લીઝ... મામા... હું દવા નહિં પીવું..." "હું તો આ ચાલ્યો. મારે હવે આ દવા નથી પીવી. કેટલી કડવી દવા પીવી? મારી સામે તો જુઓ! આખું શરીર લીલુ કાચ જેવું થઇ ગયું છે... હું આ તો ભાગ્યો..."

મારી જૂની મમ્મી પણ આવું જ કહી કડવી દવા પાતા હતા અને તમે તો મીઠાઇના ટુકડામાં વીંટાળીને કડવી દવા પાવ છો, હું તો બાળક છું મારા ઉપર દયા કરો, પ્લીઝ, મહેરબાની કરીને હવે આ કડવી દવા ન આપો

"બેટા! તું જઇ જઇને ક્યાં જઇશ! તારા ફરતા મમ્મી, પપ્પા, મામા, કાકા, ભાઇ, બહેન, જીજાજી તથા અનેક સગાવહાલાં ઊભા છે, તો એમાંથી છટકીને તું ક્યાં જઇશ? આ કડવી દવા મીઠી માનીને પણ પીવી જ પડશે."

રડતો રડતો લાલુ કહે, "મમ્મી, તમે તો મારી નવી મા છો. મારી જૂની મમ્મી પણ આવું જ કહી કડવી દવા પાતા હતા અને તમે તો મીઠાઇના ટુકડામાં વીંટાળીને કડવી દવા પાવ છો. હું તો બાળક છું મારા ઉપર દયા કરો. પ્લીઝ, મહેરબાની કરીને હવે આ કડવી દવા ન આપો. હવે મારેથી નહિ પચે. હું પગે લાગું છું. મને એમ કે નવી મમ્મી સારા હશે. એક વખત દયા કરો. જો આ વખતે આવા કડવી દવા નહિં પાવ તો હું જિંદગીભર તમારો ઋણી રહીશ."

ત્યાં દાદા લાકડી લઇને ઊભા થયા.

"છાનો-માનો પીલે. કડવી હોય તો કડવી અને ઝેર હોય તો ઝેર. આ કડવો ડોઝ પીવો જ પડશે. હોંશિયારી કર્યા વગર દવા ગટગટાવી જા."

આ દૃશ્ય જોઇ બધા જ અવાક બની ગયા. દાદાએ બાળકને આડો પાડી દવાનો ડોઝ પાઇ દીધો, બાળક બચાવો - બચાવો બોલતો રહ્યો પણ ત્યાં કોઇ તેને બચાવવા ન આપ્યું અને બાળક કડવો ડોઝ ને આરામ કરવા લાગ્યું.